અપીલ અરજી નં.૩૯૬ તા.૧૩–૩–૦૯

અરજદારઃ શ્રી શેખ ઈકબાલ મુશીદ તથા શેખ અનીસા ઈકબાલ
સામાવાળાઃ ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી શેખ ઈકબાલ મુશીદ તથા શેખ અનીસા ઈકબાલ તા.૧૨–૨–૦૯ની અરજીથી (૧) માળ વધારાનાં બાંધકામના પ્લાનની નકલ તથા અન્ય રજુ કરેલ પેપર્સની નકલ ૨) ચાલુ બાંધકામથી એન્જીનીઅર શ્રી નૌશાદ યુ. પટેલ સુપરવિઝનથી આપેલ રાજીનામાની નકલની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૩–૩–૦૯ ની અપીલ અરજી નં.૩૯૬ /૨૦૦૮–૦૯

શ્રી શેખ ઈકબાલ મુશીદ તથા શેખ અનીસા ઈકબાલની તા.૧૨–૨–૦૯ ની અરજીથી (૧) માળ વધારાનાં બાંધકામના પ્લાનની નકલ તથા અન્ય રજુ કરેલ પેપર્સની નકલ (૨) ચાલુ બાંધકામથી એન્જીનીઅર શ્રી નૌશાદ યુ. પટેલે સુપરવિઝનથી આપેલ રાજીનામાની નકલની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.૩૪૦ તા.૯–૩–૦૯થી આપેલ માહિતી માંગ્યા મુજબ નમળવાથી તથા માંગેલ નકલ ન મળેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં. આર.ટી.આઈ.સેલ/૧૨૬૩ તા.૨૧–૩–૦૯ થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલના આધાર અને વ્યાજબીપણા અંગે પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.૪૦૩ તા૩૧–૩–૦૯ તથા વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૩૩ તા.૧૭–૪–૦૯ થી પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદારે આધાર તરીકે અરજી ફી ભર્યાની રસીદ તથા દસ્તાવેજ ફી ની રસીદ રજુ કરેલ છે તેમજ જાહેર માહિતી અધિકારી એ પાઠવેલ જવાબ અને અપીલ ફોર્મ અને અપીલ અંગે પાઠવેલ પત્રની નકલ રજુ કરેલ છે. પરંતુ અરજદારે મૂળ અરજીની નકલ રજુ કરેલ નથી.

અરજદારે તા.૧૨–૨–૦૯ ની અરજીથી માળના વધારાના બાંધકામ પ્લાનની નકલ તથા અન્ય રજુ કરેલ પેપરની ખરી નકલ અને ચાલુ બાંધકામથી એન્જીનીયરશ્રી નૌશાદ યુ.પટેલે સુપરવીઝનથી આપેલ રાજીનામાની નકલની માંગણી કરેલ છે. જેમા સુપરવાઈઝર એન્જીયરશ્રી નૌશાદ યુ.પટેલે આપેલા રાજીનામાની નકલની માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએ થી વેસ્ટ ઝોન આ.નં./૩૪૦ તા.૯/૩/૦૯ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેમા માળના વધારાના બાંધકામના પ્લાનની નકલ તથા અન્ય રજુ કરેલ પેપર્સની નકલ અત્રેની ઝોન કચેરીએ રૂા.૧૭૨/– ભરપાઈ કર્યેથી મળી શકશે તથા એન્જીનીયર સુપરવાઈઝરશ્રી નૌશાદ યુ.પટેલના રાજીનામાની નકલ અત્રેની ઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવી માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ છે. અરજદારે રસીદ નં.૩૭૬૦૯૭ તા.૨૩–૩–૦૯ થી દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવેલ છે જે અરજદારે સ્વીકાર્યા અંગેની નકલ પણ અત્રે રજુ કરેલ છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૨–૦૯ની મૂળ અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. આર.ટી.આઈ.એકટના કાયદાની કલમ ૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર સત્તા મંડળ પાસેની અથવા તો નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની રહે છે. જે માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરી પડાયેલ છે. તેથી માહિતીના ઈન્કારનો કિસ્સો બનતો નથી તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો દિન–૭માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરી કામકાજના સમય દરમ્યાન લાગત ફાઈલનું દફતરી નિરીક્ષણ કરી શકે છે. જે માટે આરટીઆઈ કાયદાની કલમ ૭(૧),૭(૩) તથા નિયમ–૫ (બી) હેઠળ ઠરાવેલ ફી અરજદારને લાગુ કિસ્સામાં ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમ મુજબ અમલવારી કરી તેની જાણ અત્રે કરવા રાંદેરઝોન અને જાહેર માહિતી અધિકારી ઝોનલચીફને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : /૪/૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) પ્રતિ .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી શેખ ઈકબાલ મુશીદ તથા શેખ અનીશા ઈકબાલ